# India protests efforts to bring material change in Pakistan occupied territories and asks Pakistan to vacate them

May 04, 2020

# પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા પ્રદેશોમાં મહત્વનો ફેરફાર લાવવાનાં પ્રયાસોનો ભારત વિરોધ કરે છે અને તેઓને ખાલી કરવા પાકિસ્તાનને કહે છે

મે 04, 2020

ભારતે પાકિસ્તાનનાં વરિષ્ઠ રાજદ્વારી સાથે રાજકીય કદમ ઉઠાવી અને કહેવાતા "ગિલગિટ-બાલ્ટિસ્તાન" પરનાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટનાં હુકમ સામે પાકિસ્તાન સમક્ષ પ્રબળ વિરોધ નોંધાવ્યો છે.

તેવું સ્પષ્ટ રીતે પાઠવવામાં આવ્યું હતું કે ગિલગિટ અને બાલ્ટિસ્તાનનાં ક્ષેત્રો સહિતનાં સમગ્ર જમ્મુ અને કાશ્મિરનો કેન્દ્રશાસિત પ્રદેશ તેનાં કાયદેસરનાં અને બદલી ન શકાય તેવા રાજ્યારોહણનાં નાતે ભારતનો અખંડ હિસ્સો છે. પાકિસ્તાન સરકાર અથવા તેનું ન્યાયતંત્ર તેનાં દ્વારા ગેરકાયદેસર અને બળપૂર્વક કબ્જે લીધેલા પ્રદેશો પર લોકસ્ટ સ્ટેન્ડી ધરાવતા નથી. ભારત આવા પગલાઓને અને જમ્મુ અને કાશ્મિકનાં ભારતી પ્રદેશનાં પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા ક્ષેત્રોમાં મહત્વનાં ફેરફારો લાવવાનાં સતત પ્રયાસોને નકારી કાઢે છે. તેનાં બદલે, પાકિસ્તાને તેનાં ગેરકાયદેસરનાં કબ્જામાં રહેલા તમામ ક્ષેત્રો તાત્કાલિક ખાલી કરી દેવા જોઇએ.

વધુમાં પાઠવવામાં આવ્યું હતું કે આવા પગલાઓ જમ્મુ અને કાશ્મિર અને લદાખનાં કેન્દ્રશાસિત પ્રદેશોનાં ભાગોમાં ગેરકાયદેસરનાં કબ્જાને કે પાછલા સાત દાયકાઓથી પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા ક્ષેત્રોમાં વસવાટ કરતા લોકો તરફનાં હંભિર માનવ હક્કો ઉલ્લંઘનો, શોષણ અને સ્વતંત્રતાનાં હનનને ઢાંકી શકતા નથી.

આ બાબતમાં ભારત સરકારની સ્થિતિ 1994 માં સંસદમાં સર્વસંમતિથી પસાર કરવામાં આવેલા ખરડામાં પ્રતિબિંબિત થાય છે.

**નવી દિલ્હી**
**મે 04, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.